# નિવેદન

નાનપણથી જ ગુજરાતી ભાષા પ્રત્યે આકર્ષણ રહ્યું છે. શિક્ષક બનીને આ વિષયને વધુ નજીકથી પામવાની અદમ્ય ઇચ્છા હતી. એસ.એસ.સી.ની પરીક્ષામાં સારા ગુણ આવ્યા. પી.ટી.સી.માં પ્રવેશ મળ્યો. આ ડીગ્રી સાથે જ માત્ર અઢાર વર્ષે શિક્ષક તરીકેનાં વ્યવસાયમાં જોડાઈ. લગ્ન થઈ જતાં બાળકો, પરિવાર અને નોકરીની વ્યસ્તતામાં પરોવાઈ જવું પડ્યું. આગળ અભ્યાસ કરી ભાષાશિક્ષક તરીકે વધુ સજ્જ બનવાની ઇચ્છા હ્રદયનાં કોઈ ખૂણે સચવાઈને રહી.

કહેવાય છે કે સારાં કાર્યો માટે ઈશ્વરીય મદદ મળી જ જતી હોય છે. એ મુજબ જ નોકરીનાં દસ વર્ષ પછી આગળ અભ્યાસ માટેની તકો સાંપડી. પતિ અને પરિવારજનોનો સહકાર મળ્યો અને જીવનની અધૂરી ઇચ્છા તરફ આગળ વધવા પ્રયાણ કર્યું. એચ.એસ.સી, સ્નાતક, અનુસ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યો. મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીમાં પીએચ.ડી પ્રવેશ માટેની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ કરી. એક સ્ત્રી સાહિત્યકારની કૃતિઓ પર પીએચ.ડી. કરવાનું પહેલેથી મન હતું. દર્શિની મૅડમ સાથે ત્યારે પ્રથમ મુલાકાત થઈ. એમનાં અને મારાં વિચારો મળવાથી લેખિકા કુન્દનિકા કાપડીઆની કૃતિઓ પર અધ્યયન કાર્ય કરવાનું વિચાર્યું. એમની ટૂંકીવાર્તાઓમાં રહેલ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ પર વિશ્લેષણ કાર્ય કરવાનું નક્કી થયું. બસ, આ રીતે સંશોધન કાર્યનો આરંભ થયો.

ડૉ. દર્શિની દાદાવાલા મૅડમ એક માર્ગદર્શક તરીકે હંમેશા સાથે રહ્યા. જ્યાં અટકી ત્યાં તેમણે બને એટલી સગવડતા અને સરળતા કરી આપીને જરૂરી માર્ગદર્શન સાથે આગળ વધવાની દિશા બતાવી. અભ્યાસના આ સમયગાળામાં એમની પાસેથી ઘણું શીખવા મળ્યું. એ માટે હું સદૈવ એમની ઋણી રહીશ. સાથે સાથે ડૉ. અમિત ધોળકિયા સરની હું ખાસ આભારી છું કે જેમણે આ રસ્તા પર આગળ વધવા માટેનું પીઠબળ આપી ઉત્સાહ વધાર્યો.

સંશોધનની આ સફરમાં ઘણાં એવાં વ્યક્તિઓ મળ્યાં કે જેમનો આભાર માનું તેટલો ઓછો છે. મારા શોધગ્રંથની આધારભૂમિ એવાં કુન્દનિકા કાપડીઆ મૅડમે એમની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને મને મુલાકાત આપી છે. અત્યારે ભલે એ હયાત નથી પણ જીવનમાં આગળ વધવાના એમનાં આશીર્વાદ હંમેશા મારી સાથે રહેશે. શોધ કાર્ય માટે ખૂટતું સંદર્ભસાહિત્ય મેળવી આપવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદનાં ગ્રંથકાર હંસાબહેન પટેલની આભારી છું. ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ સામયિક ‘શબ્દસર’માં મારો લેખ પ્રકાશિત કરવા બદલ શ્રી નિસર્ગ આહીર સરનો આભાર વ્યક્ત કરું છું. કોરોનાના સમયમાં આંતરરાષ્ટ્રીય વૅબિનારમાં વક્તવ્ય રજૂ કરવાનો મોકો આપવા બદલ મુંબઈ યુનિવર્સિટીનાં ઉર્વશીબહેન પંડ્યાની આભારી છું. યુનિવર્સિટીની હૅડ ઑફિસમાં મદદ માટે તત્પર રહેનાર સૌ સ્ટાફ ગણ. ખાસ કરીને યજ્ઞેશ દવે સર કે જેમણે સહકાર આપી મારા વહીવટી કાર્યોને સરળ બનાવ્યાં. યુનિવર્સિટીનાં ગુજરાતી વિભાગનાં સૌ પ્રાધ્યાપકોનો આ તબક્કે જરૂરી સહકાર મળ્યો છે તે બદલ વિનમ્રભાવે આભાર વ્યક્ત કરું છું. આ સમયમાં હંમેશા સાથ આપનાર સહાધ્યાયી મિત્રો મિત્તલ પટેલ અને પિનાકીની ઝાલાનો આભાર માનું એટલો ઓછો પડે. કૉર્સવર્કના અભ્યાસમાં મદદરૂપ બનનાર તમામ સાથીમિત્રોનો આ તબક્કે આભાર વ્યક્ત કરું છું.

જીવનમાં આગળ વધવા માટે જેણે સતત પ્રોત્સાહન આપ્યું એવા જીવનસાથી અને પરિવારને કઈ રીતે ભૂલાય? આ કાર્યની વ્યસ્તતામાં સૌથી વધુ અગવડ એમને પડી છે છતાંય, મદદ માટે હંમેશા તત્પર રહ્યાં એવાં પરિવારજનોની હું સદૈવ ઋણી રહીશ.

કોરોનાનો કપરો સમય પણ મારા માટે ઈશ્વરીય આશીર્વાદ બન્યો છે. લોકડાઉનના આ સમયમાં હું મારા કાર્ય પર વધુ ધ્યાન આપી શકી. આ શોધગ્રંથના સર્જન માટેની યાત્રામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પ્રેરણા આપનાર અને મદદ કરનાર સૌ શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

ભારતી બારીઆ